| | |
|---|---|
| દાખલ તારીખ :– | ૨૧–૦૨–૨૦૧૯ |
| નોંધણી તારીખ :– | ૨૧–૦૨–૨૦૧૯ |
| **ફૈંસલ તારીખ :–** | **૦૬–૦૪–૨૦૨૩** |
| સમય ગાળો :– | <u>વર્ષ</u> –<u>માસ</u>–<u>દિવસ</u><br>૦૪ – ૦૧ – ૧૬ |

---

**સમીના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સમી.**

---

**<u>રે. દિ. મુ. નં. ૭/૨૦૧૯</u>**

**આંક :–**

**<u>વાદી</u>** **:–** વાઘરી મનજીભાઈ હરખાભાઈ મૈયતની દીકરી વાઘરી મીરાતબેન મનજીભાઈ તે વાઘરી ડાહ્યાભાઈ મઘુભાઈની પત્નીના વારસો,

**(૧)** વાઘરી રૈયાબેન તે વાઘરી મીરાતબેન મનજીભાઈ ની દીકરી, ઉ.વ.૭૩,
રહે. ભીલોટી દરવાજા, વાઘરીવાસ, રાધનપુર.

**(૨)** વાઘરી વીરજીભાઈ ડાહ્યાભાઈ મૈયત તે વાઘરી મીરાતબેન મનજીભાઈના પુત્રના વારસો,
(૧) વાઘરી લીલાબેન વીરજીભાઈ, ઉ.વ.૬૦,
(૨) વાઘરી કનુભાઈ વીરજીભાઈ, ઉ.વ.૪૧,
(૩) વાઘરી અશોકભાઈ વીરજીભાઈ, ઉ.વ.૩૧,
(૪) વાઘરી રાજુભાઈ વીરજીભાઈ,ઉ.વ.૨૦,
તમામ રહે.ભીલોટી દરવાજા,વાઘરીવાસ, રાધનપુર.

**(૩)** વાઘરી કેશાભાઈ ડાહ્યાભાઈ મૈયત તે વાઘરી મીરાતબેન મનજીભાઈના પુત્રના વારસો,

(૧) વાઘરી જડીબેન કેશાભાઈ,ઉ.વ.૫૩,
(૨) વાઘરી રામુભાઈ કેશાભાઈ, ઉ.વ.૩૨,
(૩) વાઘરી રાણીબેન કેશાભાઈ,ઉ.વ.૩૦,
(૪) વાઘરી સોનાબેન કેશાભાઈ, ઉ.વ.૨૮,
(૫) વાઘરી વિનોદભાઈ કેશાભાઈ, ઉ.વ.૨૫,
તમામ રહે. ભીલોટી દરવાજા, વાઘરીવાસ, રાધનપુર.

**(૪)** વાઘરી જીવાભાઈ ડાહ્યાભાઈ મૈચત તે વાઘરી મીરાતબેન મનજીભાઈના પુત્ર વારસો,
(૧) વાઘરી બબીબેન જીવાભાઈ, ઉ.વ.૫૧,
(૨) વાઘરી રાધાબેન જીવાભાઈ, ઉ.વ.૩૦,
(૩) વાઘરી તુલસીભાઈ જીવાભાઈ, ઉ.વ.૨૫,
(૪) વાઘરી મણાભાઈ જીવાભાઈ, ઉ.વ.૨૦,
(૫) વાઘરી ગીતાબેન જીવાભાઈ, ઉ.વ.૨૫,
(૬) વાઘરી ગંગારામભાઈ જીવાભાઈ, ઉ.વ.૧૯,
તમામ રહે. ભીલોટી દરવાજા,વાઘરીવાસ, રાધનપુર.

**(૫)** વાઘરી વિસાભાઈ મનજીભાઈ ગુજરેલના વારસો,

**(૫/૧)** વાઘરી જકસીભાઈ વિસાભાઈ મૈચતના વારસો,
(૧) વાઘરી હેમાભાઈ જકશીભાઈ,ઉ.વ.૫૧,
(૨) વાઘરી રામુભાઈ જકશીભાઈ, ઉ.વ.૪૦,
(૩) વાઘરી માનાભાઈ જકશીભાઈ, ઉ.વ.૩૫,
(૪) વાઘરી રમેશભાઈ જકશીભાઈ, ઉ.વ.૩૦,
(૫) વાઘરી રાધાબેન જકશીભાઈ, ઉ.વ.૨૮,
(૬) વાઘરી ભરતભાઈ જકશીભાઈ, ઉ.વ.૨૬,
(૭) વાઘરી મંજુબેન જકશીભાઈ, ઉ.વ.૨૪,
તમામ રહે. રાજકોટ, ઠે.રાજમોતી મીલની પાછળ, સીતારામ નગર,રાજકોટ.

**(૫/૨)** વાઘરી સોમાભાઈ વિસાભાઈ મૈચતના વારસો,
(૧) વાઘરી દેવસીભાઈ સોમાભાઈ, ઉ.વ.૪૫,
(૨) વાઘરી તુલસીભાઈ સોમાભાઈ, ઉ.વ.૪૨,

(૩) વાઘરી મનુભાઈ સોમાભાઈ, ઉ.વ.૩૧,
તમામ રહે. રાજકોટ,ઠે.રાજમોતી મીલની પાછળ,
સીતારામ નગર,રાજકોટ.

(૬) વાઘરી બાજુભાઈ મનજીભાઈ ગુજરેલના વારસો,
(૧) વાઘરી હરચંદભાઈ બાજુભાઈ,ઉ.વ.૭૫,
(૨) વાઘરી બબાભાઈ બાજુભાઈ,ઉ.વ.૭૦,
(૩) વાઘરી ઝેણાભાઈ બાજુભાઈ,ઉ.વ.૬૦,
(૪) વાઘરી લખમણભાઈ બાજુભાઈ,ઉ.વ.૫૮,
(૫) વાઘરી નનાભાઈ બાજુભાઈ, ઉ.વ.૫૦,
(૬) વાઘરી લઘાભાઈ બાજુભાઈ, ઉ.વ.૪૫,
તમામ રહે. બહારનો વાસ,વાઘરીવાસ,સમી.

(૭) વાઘરી રેવાભાઈ મનજીભાઈ ગુજરેલના વારસો,
(૧) વાઘરી બાબુભાઈ રેવાભાઈ,ઉ.વ.૫૫,
(૨) વાઘરી રાજુભાઈ રેવાભાઈ, ઉ.વ.૬૦,
(૩) વાઘરી અમરતભાઈ રેવાભાઈ, ઉ.વ.૪૫,
(૪) વાઘરી ભીખીબેન રેવાભાઈ, ઉ.વ.૬૨,
તમામ રહે. બહારનો વાસ,વાઘરીવાસ,સમી.

(૮) વાઘરી વાલજીભાઈ મનજીભાઈ મૈયતના વારસ,
(૧) વાઘરી ડયાબેન વાલજીભાઈ,ઉ.વ.૮૨,
(૨) વાઘરી મુળજીભાઈ વાલજીભાઈ, ઉ.વ.૬૪,
(૩) વાઘરી અમૃતભાઈ વાલજીભાઈ,ઉ.વ.૬૨,
(૪) વાઘરી કાન્તાબેન વાલજીભાઈ,ઉ.વ.૬૦,
(૫) વાઘરી ભુદરભાઈ વાલજીભાઈ,ઉ.વ.૫૫,
(૬) વાઘરી પમાભાઈ વાલજીભાઈ,ઉ.વ.૫૨,
(૭) વાઘરી મંજુબેન વાલજીભાઈ,ઉ.વ.૫૦,
(૮) વાઘરી તુલસીભાઈ વાલજીભાઈ,ઉ.વ.૪૫,
(૯) વાઘરી ચંપાબેન વાલજીભાઈ,ઉ.વ.૪૨,
(૧૦) વાઘરી રમેશભાઈ વાલજીભાઈ,ઉ.વ.૪૦,
(૧૧) વાઘરી ધારશીભાઈ વાલજીભાઈ,ઉ.વ.૩૮,
(૧૨) વાઘરી રાધાબેન વાલજીભાઈ, ઉ.વ.૩૫,

(૧૩) વાઘરી સ્વામીબેન વાલજીભાઈ, ઉ.વ.૩૨,
તમામ રહે. બહારનો વાસ,વાઘરીવાસ,સમી

**-:: વિ રૂ દ્ધ ::-**

**પ્રતિવાદી** :- **(૧)** વાઘરી ગંગારામભાઈ છગનભાઈ,ઉ.વ.પર,
**(ર)** વાઘરી પરષોતમભાઈ છગનભાઈ,ઉ.વ.૪૭,
**(૩)** વાઘરી નારણભાઈ છગનભાઈ,ઉ.વ.૪૪,
**(૪)** વાઘરી રાયચંદભાઈ મનજીભાઈ ગુજરેલના વારસો,

(૧) વાઘરી નાથાભાઈ રાયચંદભાઈ મૈયતના વારસો,
(૧) વાઘરી ચંપાબેન નાથાભાઈ,ઉ.વ.૫૦,
(ર) વાઘરી સંપતભાઈ નાથાભાઈ,ઉ.વ.૩૦,
(૩) વાઘરી કિશનભાઈ નાથાભાઈ,ઉ.વ.૨૮,
(૪) વાઘરી સોનલબેન નાથાભાઈ,ઉ.વ.૨૫,

(ર) વાઘરી વેલાભાઈ રાયચંદભાઈ,ઉ.વ.૫૦,
(૩) વાઘરી મણાભાઈ રાયચંદભાઈ,ઉ.વ.૪૫,
(૪) વાઘરી રઘુભાઈ રાયચંદભાઈ,ઉ.વ.૪૦,
તમામ રહે. અમદાવાદ, ઠે. વટવા, નવા ઘોડસાર, જગદીશ બસ સ્ટેન્ડની પાછળ, કાંટા છાપરા, અમદાવાદ.

**દાવો** :- **૩૧.૩,૧૬૩/- ના આંકથી મોજે ગામ સમીના ખેતર રે.સ. નં.૧૦૫૬/૧ વાદીઓ તેમજ પ્રતિવાદી નં.૪ ના વડવા મૈયત વાઘરી મનજી હરખાની માલીકી નુ હોવાનુ તેમજ વાદીઓ તેમના કાયદેસરના વારસો હોવાનું ઠરાવી આપવા જ્ઞાપન તેમજ કાયમી મનાઈ હુકમનો.**

| |
|---|
| વાદીઓ તરફે વિ. વ. શ્રી બી.કે.પંચાલ<br>પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે વિ.વ.શ્રી આઈ. એચ.કાઝી<br>પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તરફે વિ.વ.શ્રી આર.એમ.મજમુદાર |

**-: જ જ મે ન્ટ :-**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ મુળ મૈયત વાઘરી મનજીભાઈ હરખાભાઈના વારસો છે અને દાવાવાળી જમીન સર્વે નં.૧૦૫૬/૧ કે જે વાદીઓના મુળ વડવા મનજીભાઈ હરખાભાઈની માલીકીનુ હતુ અને નોંધ નં.૯૨૩ થી તેઓનુ નામ ખાતેદાર તરીકે ચાલતુ હતુ અને આ જમીન ગણોતીયા તરીકે વેપારી ઈબ્રાહીમ મોહમદનું નામ દાખલ થયેલુ અને આ બાબતે નોંધ નં.૧૮૫૫ પડેલી અને મંજુર થયેલી, પરંતુ નોંધ નં.૨૧૬૧ વંચાણે લેતા આ ખેતર ગણોત કેસ ચાલી જતા મુળ માલીક મનજી હરખાને ઘર ખેડ માટે પરત આપવામાં આવેલુ. આમ વાદીઓના વડીલ આ ખેતરમાં માલીક અને કબજેદાર હતા અને મનજી હરખા સને ૧૯૮૩ ની આસપાસ અવસાન પામેલા જેની વારસાઈ નોંધ નં.૪૫૪૦ પડેલી, જે મંજુર થયેલી અને જેમાં મનજીભાઈ હરખાભાઈના પુત્ર વિસાભાઈ મનજીભાઈ જેઓ પણ અવસાન પામેલ હોઈ વાદી નં.૫/૧ અને ૫/૨ તેઓના વારસદાર છે અને તે જ રીતે બાજુભાઈ મનજીભાઈ પણ મનજી હરખાના પુત્ર હોઈ અવસાન પામેલ છે અને તેના વારસો વાદી નં.૬ છે. રેવાભાઈ મનજીભાઈ પણ મનજી હરખાના પુત્ર હતા, જેઓ પણ અવસાન પામેલ છે અને વાદી નં. ૭ તેઓના પુત્ર છે અને વાદી નં. ૮ વાલજીભાઈ મનજીભાઈ જેઓ પણ મનજીભાઈ હરખાભાઈના પુત્ર છે. આ ઉપરાંત મનજીભાઈને પુત્રી નામે ધુડીબેન હતી, જેઓ અવસાન પામેલ છે તેના કોઈ વારસદારો નથી. બીજી પુત્રી કાસુબેન જેઓ પણ અવસાન પામેલ છે અને તેઓના કોઈ પુત્ર નથી અને તેઓની ત્રીજી પુત્રી મીરાતબેન જે તા.૧૭/૪/૧૯૯૬ ના રોજ અવસાન પામેલ છે અને તેઓના વારસદારોમાં વાદી નં.૧, ૨/૧ થી ૨/૪, ૩/૧ થી ૩/૫, ૪/૧ થી ૪/૬ છે. જયારે રાયચંદભાઈ મનજીભાઈ કે જેઓ પણ મનજીભાઈ હરખાભાઈના પુત્ર હતા અને તેઓ અવસાન પામેલ છે અને આ કામ ના પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તેઓના વારસદારો છે. આમ વાદીઓ અને પ્રતિવાદી નં. ૪ ના વારસો તમામ મનજીભાઈ હરખાભાઈના વારસદારો છે અને પ્રતિવાદી નં.૧ થી ૩ ને વાદી નં.૧ થી ૪ ના માતૃશ્રી

મીરાતબેન મનજીભાઈ સાથે કોઈ સ્નાન સુતકનો સંબંધ નથી કે તેઓ સીધી લીટી કે આડી લીટીમાં વારસદાર નથી, પરંતુ પ્રતિવાદી નં.૧ નાએ રેવન્યુ અધિકારીના મેળાપીપણામાં તા.૭/૯/૨૦૧૧ ના રોજ મામલતદાર સમીમાં અરજી કરી મીરાતબેન મનજીભાઈના વારસ તરીકે પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામ દાખલ કરવાની માંગણી કરેલી અને તા.૩૦/૮/૨૦૧૧ ના રોજ બોગસ બનાવટી પેઢીનામુ તૈયાર કરી મીરાતબેન મનજીભાઈના વારસ તરીકે પોતાને દર્શાવેલા અને તેમાં પ્રતિવાદી નં.૧ થી ૩ ની માતા તખુબેનને મીરાતબેનની પુત્રી બતાવવામાં આવેલ છે તેમજ બીજા કોઈ વારસો દર્શાવેલ નથી અને પંચો તરીકે જે ઈસમોની સહીઓ લેવામાં આવેલ છે તેઓની ઉંમર ૨૫ વર્ષ અને ૨૨ વર્ષ બતાવેલ છે. જયારે તખુબેનનું અવસાન વીસ વર્ષ પહેલા બતાવેલ છે. આમ તે સમયે આ પંચો જન્મેલ ન હતા અને ખોટું પેઢીનામું બનાવેલ અને આ અરજી અને પેઢીનામા આધારે નોંધ નં. ૮૨૦૮ પાડવામાં આવેલી, જે બી. ડી. પટેલ સર્કલ ઓફીસરે ખોટી રીતે મંજુર કરેલી અને તે પહેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫(ડી) મુજબની નોટીશ સહવારસદારોને બજાવેલ નહી અને જેના કારણે વાદીઓને જાણ થયેલી નહી. દાવાવાળી જમીન પડતર જમીન છે અને તેમા કોઈ ખેતી થતી નથી, પરંતુ રોડ ટચ જમીન હોઈ આ પડાવી લેવા માટે પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ ખોટીરીતે તેઓના નામ દાખલ કરાવેલ. નોંધ નં.૮૨૦૮ ની વાદીઓને જાણ થતા આર. ટી. એસ. અપીલ નં.૯૮/૨૦૧૮ દાખલ કરેલી, જે સમય મર્યાદાના મુદ્દેના મંજુર કરેલી અને તેમા એવુ તારણ આપેલ કે વારસદાર દાખલ કરવાની સત્તા દિવાની અદાલતને છે. જેથી વાદીએ દાવો દાખલ કરેલ છે અને બાજુભાઈ મનજીભાઈની વારસાઈ નોંધ નં.૧૦૪૯૨ તથા રેવાભાઈ મનજીભાઈની વારસાઈ નોંધ નં.૧૦૪૯૭ પડેલી, જે વિરૂધ્ધ પ્રતિવાદી નં.૧ નાએ વાંધો લેતા તકરારી કેસ નામંજુર કરવામાં આવેલ, જેના કારણે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે અને દાવાના પેરા નં.૮ માં જણાવ્યા મુજબની દાદ માંગેલ છે.

(૨) હાલનો દાવો દાખલ થતા દાવાનું પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ આંક–૨૮ થી લેખિત જવાબ આપેલ છે, જેમા વાદીના દાવાનો તમામ હકીકતનો ઈનકાર કરેલ છે અને તેઓ પણ દાવાવાળી મિલકત માં સહહીસ્સેદાર અને માલીક હોવાનુ કથન કરેલ છે.

(૩) પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નાએ તરફે આંક–૨૯ થી લેખીત જવાબ આપેલ છે અને તેમાં પણ વાદીના દાવાની તમામ હકીકતોનો ઈનકાર કરેલ છે અને તેઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૩ પણ દાવાવાળી મિલકતમાં સહહીસ્સેદાર હોવાનુ કથન કરેલ છે.

(૪) હાલના કામે વાદીઓએ દાવા સાથે કામ ચલાઉ મનાઈ અરજ દાખલ કરેલ, પંરતુ તા.૨૧/૧૧/૨૦૧૯ ના રોજ સદર અરજનો નિર્ણય દાવાના નિર્ણય સાથે કરવા બાબતે સમંતી આપતા વચગાળાની મનાઈ અરજ ફેંસલ કરવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે સદરહુ દાવાના નિર્ણય અર્થે આંક–૩૦ થી તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે:–

**–:: મુદ્દા ::–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, રેવન્યુ સર્વે નં.૧૦૫૬/૧ વાળી મિલકતના મુળ માલીક વાદીઓના વડવા વાઘરી મનજીભાઈ હરખાભાઈ માલીક તેમજ કબજેદાર હતા ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ રેવન્યુ ઓથોરીટીના મેળાપીપણામાં ખોટી રીતે દાવાવાળી મિલકતમાં મીરાતબેનના વારસ તરીકે નામો દાખલ કરાવેલ છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળા ખેતરમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓનો કોઈ લાગભાગ કે હકક હીસ્સો આવેલ નથી?

(૪) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તથા પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નાઓ દાવાવાળી મિલકતના સહમાલીક અને સહહીસ્સેદાર છે?

(૫) શું વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ અને શુ હુકમનામુ ?

**(૬)** ઉપરોકત મુદ્દા અંગેના જવાબ નીચે મુજબ છે :–

મુદ્દા નં. ૧ : હકારમાં.

મુદ્દા નં. ૨ : હકારમાં.

મુદ્દા નં. ૩ : હકારમાં.

મુદ્દા નં. ૪ : અંશત: હકારમાં.

મુદ્દા નં.૫ : હકારમાં.

મુદ્દા નં.૬ : આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાના જવાબ અંગેના કારણો નીચે મુજબ છે :–

## કા ર ણો

**(૭.૧)** આ કામે ઉપરોકત મુદ્દાઓ અંગેના કારણોની ચર્ચા કરતા અગાઉ આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આ કામના વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે :–

**–:: <u>મૌ ખિ ક પુ રા વો</u> ::–**

| **આંક નંબર** | **મૌખિક પુરાવાની વિગત** |
|---|---|
| ૩૧ | વાઘરી મીરાતબેન મનજીભાઈની સોંગદઉપરની સરતપાસ |
| ૫૨ | વાઘરી ઝેણાભાઈ બાજુભાઈની સોગંદઉપરની સરતપાસ |
| ૫૪ | વાઘરી અમરતભાઈ રેવાભાઈની સોગંદઉપરની સરતપાસ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| આંક નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|
| ૩૭ | સર્વે નં.૧૦૫૬/૧ ના નમુના નં.૭ ની નકલ |
| ૩૮ | સર્વે નં.૧૦૫૬/૧ ના નમુના નં.૧૨ ની નકલ |
| ૩૯ | નોંધ નં.૯૨૩ ની નકલ |
| ૪૦ | નોંધ નં.૧૩૨૩ ની નકલ |
| ૪૧ | નોંધ નં.૨૧૬૧ ની નકલ |
| ૪૨ | નોંધ નં.૪૫૪૦ ની નકલ |
| ૪૩ | નોંધ નં.૧૦૪૫૨ ની નકલ |
| ૪૪ | નોંધ નં.૧૦૪૯૨ ની નકલ |
| ૪૫ | નોંધ નં.૧૦૪૯૭ ની નકલ |
| ૪૬ | આર.ટી.એસ.અપીલ નં.૯૮૧૮ ના હુકમની નકલ |
| ૪૭ | હેમાભાઈ જકશીભાઈનું સોગંદનામુ |
| ૪૮ | મીરાતબેન મનજીભાઈનું પેઢીનામુ |
| ૪૯ | ડાહયાભાઈ મઘુભાઈના મરણના દાખલાની નકલ |
| ૫૦ | બાજુભાઈ મનજીભાઈના પેઢીનામાની નકલ |
| ૫૧ | મીરાતબેન ડાહયાભાઈના મરણ દાખલાની નકલ |

વાદીઓ તરફે આંક–૫૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૮) આ કામે આ કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે :–

**–:: મૌખિક પુરાવો ::–**

| આંક નંબર | મૌખિક પુરાવાની વિગત |
|---|---|
| ૫૯ | વાઘરી ગંગારામભાઈ છગનભાઈની જુબાની |
| ૬૬ | વાઘરી નાથાભાઈ રાયચંદભાઈની જુબાની |

પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે આંક– ૬૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તરફે આંક– ૬૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૯) આ કામે વાદી તરફે આંક–૬૮ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતા મુદ્દા નં.૧ બાબતે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાથ ઉપરના કેસમાં વાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા દાવાવાળી મિલકતના મુળ માલીક મનજીભાઈ હરખાભાઈ હોવાની કોઈ તકરાર નથી અને તેઓ મરણ જતા તેઓની વારસાઈ નોંધ પાડવામાં આવેલી અને આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે દાવાનો જે જવાબ રજુ કરવામાં આવે છે તેના પેરા નં.૪ માં દાવાવાળી જમીનના મુળ માલીક મનજીભાઈ હરખાભાઈ હોવાની હકીકત કબુલ રાખેલ છે અને આ જ હકીકત પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તરફે આંક–૨૯ થી દાવાનો જે જવાબ રજુ કરવામાં આવેલ છે તેના પેરા નં. ૪ માં કબુલ રાખેલ છે. આમ, મુદ્દા નં.૧ બાબત પ્રતિવાદીઓ તરફે કોઈ તકરાર નથી. મુદ્દા નં. ૨, ૩ અન્વયે એવી રજુઆત કરેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ મનજીભાઈ હરખાભાઈના વારસદાર ન હોવા છતાં મનજીભાઈની દીકરી મીરાતબેનનું ખોટું પેઢીનામુ બનાવી રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૮૨૦૮, તા.૦૮/૦૯/૨૦૧૧ ના રોજ પડાવેલી અને આ નોંધની વાદીઓને જાણ કર્યા સીવાય તે નોંધ પ્રમાણીત કરાવી નાખેલ અને વાદીઓએ આ બાબતની જાણ થતા આર.ટી. એસ. કેસ નં.૯૮/૨૦૧૮ દાખલ કરેલ અને તા.૨૩/૦૧/૨૦૧૯ ના રોજ સમય મર્યાદાના મુદ્દે આ અપીલ રદ કરેલી અને તે હુકમના પેરા નં.૪ માં વારસદારોના હકક નકકી કરવાની સત્તા સીવીલ કોર્ટને હોવાનુ જણાવેલ છે અને આ સ્થિતિ ધ્યાને લેતા પ્રતિવાદી નં. ૧ નાએ મામલતદાર, સમીમાં એક અરજી કરી મીરાતબેન મનજીભાઈના વારસ તરીકે દાખલ કરવા માંગણી કરેલી અને તે સાથે તા.૩૦/૦૮/૨૦૧૧ ના રોજનું બનાવટી પેઢીનામુ તૈયાર કરી પોતાને મીરાતબેન મનજીભાઈના વારસો બતાવેલ અન પ્રતિવાદી નં.૧ થી ૩ ની માતા તખુબેનને મીરાતબેનની પુત્રી બતાવી અન્ય કોઈ વારસો ન હોવાનુ બતાવી ખોટું પેઢીનામુ કરેલ છે અને તેમાં જે પંચો રહેલા તે પૈકી એકની ઉંમર ૨૫ વર્ષ તથા બીજા પંચની ઉંમર ૨૦ વર્ષ દર્શાવેલ છે અને તખુબેનનું મૃત્યુ ૨૦ વર્ષ પહેલાંનુ બતાવેલુ. આમ, પંચો જે વખતે જન્મેલા ન હતા તેમ છતાં તેમની સહીથી ખોટુ

પેઢીનામુ કરવામાં આવેલ અને જેના આધારે નોંધ નં.૮૨૦૮ પડાવેલી અને આ નોંધ બી.ડી.પટેલ નામના સર્કલ ઓફિસરે મંજુર કરેલી. આમ મુદ્દા નં. ૨ અને ૩ પુરવાર કરવામાં વાદી સફળ થયેલ છે અને મુદ્દા નં.૩ બાબતે એવુ કથન કરેલ છે કે, પ્રતિવાદી નં.૧ ની આંક ૫૯ ની જુબાની વંચાણે લેતા તથા હિન્દુ વારસા ધારાની કલમ – ૮ અને ૧૦ વંચાણે લેતા મરનાર હિન્દુ પુરૂષની સ્થાવર મિલકતમાં પ્રથમ ક્રમે સીધી લીટીના વારસો આવે અને જયારે સીધી લીટીના વારસો ન હોય ત્યારે કલમ–૮ માં દર્શાવ્યા મુજબ બીજા ક્રમના વારસદારો આવે. આમ, કાયદાની જોગવાઈ ધ્યાને લેતા દાવાવાળી મિલકત મનજીભાઈ હરખાભાઈની માલીકીની હોવાનું પુરવાર થયેલ છે અને તેઓના અવસાન બાદ તેમની દીકરી મીરાતબેન તથા અન્ય પુત્રો સીધી લીટીના વારસદારો છે અને મીરાતબેનનુ પેઢીનામુ આંક–૪૮ થી રજુ કરેલ છે, જેમાં મીરાતબેનને રૈયાબેન નામની દીકરી તથા જીવાભાઈ, કેશાભાઈ અને વીરજીભાઈ પુત્રો છે અને પ્રતિવાદી નં.૧ ની જુબાની વંચાણે લેતા તેઓએ સ્વીકાર કરેલ છે કે, તખીબેન અને મીરાતબેન એ નણંદ–ભોજાઈ થતા હતા અને એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓ મનજી હરખાના વારસદાર નહી, પરંતુ ભલાભાઈ હરખાભાઈના વારસદાર છે. આમ, વાદી મુદ્દા નં. ૨ અને ૩ પુરવાર કરવામાં પણ સફળ થયેલ છે.

મુદ્દા નં.૪ બાબતે એવી રજુઆત કરેલ છે કે, પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ કે જેઓ દાવાવાળી મિલકતના સહહિસ્સેદાર હોવા બાબતે તકરાર નથી, પરંતુ પ્રતિવાદી નં.૧ થી ૩ કે જેઓ મનજીભાઈ હરખાભાઈના સગાભાઈ, ભલાભાઈ હરખાભાઈના સીધી લીટીના વારસદારો છે જેથી તેઓનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક રહેલ નથી. આમ, પ્રતિવાદી નં.૧ થી ૩ મુદ્દા નં.૪ પુરવાર કરવામાં સફળ થયેલ નથી અને પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે કોઈ દસ્તાવેજી આધારો પણ રજુ કરવામાં આવેલ નથી અને નામદાર સર્વોચ્ચ અદાલતના 1996(6) SCC PAGE NO.433 ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે, જયારે કોઈ રેવન્યુ નોંધ ખોટી રીતે દાખલ થયેલ હોય અને તેને રદ કરવા માટે અપીલ કરવામાં ન આવે તો પણ બોમ્બે રેવન્યુ જયુરીડીકશન એકટ–

૧૮૭૬ ની કલમ–૧૧ મુજબ સીવીલ કોર્ટમાં દાવો દાખલ થઈ શકે. આમ, વાદી પોતાનો દાવો પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ વાદીનો દાવો મંજુર કરવા રજુઆત કરેલ છે.

હાલના કામે પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે આંક–૭૧ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે અને પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ધ્વારા પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે આંક–૭૧ થી જે દલીલો રજુ થયેલ છે તે તેઓની ગણવા બાબતેની પુરસીસ આપેલી છે અને તેઓની દલીલો વંચાણે લેતા તેમાં મુદ્દા નં.૧ બાબતે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આંક–૫૯ થી પ્રતિવાદી નં.૧ અને આંક–૬૬ થી પ્રતિવાદી નં.૪/૧ નાએ જુબાની આપેલ છે. વાદીના કથન પ્રમાણે તેઓએ ખોટું પેઢીનામુ રજુ કરેલ છે તેવી રજુઆત છે, પરંતુ આ ખોટા પેઢીનામા બાબતે તેઓ વિરૂધ્ધ વાદીઓ ધ્વારા કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી અને પ્રતિવાદીઓ મૈયત મીરાતબેનના કાયદેસરના વારસદારો હોઈ, નોંધ નં.૮૨૦૮ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણિત કરેલ છે, જેથી મુદ્દા નં.૧ વાદીઓ પુરવાર કરી શકેલ નથી. મુદ્દાનં.ર બાબતે એવી રજુઆત કરેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ મીરાતબેન મનજીભાઈના સીધી લીટીના વારસદારો હોઈ તેઓનુ કાયદેસરનુ પેઢીનામુ બનાવી તે અન્વયે જરૂરી કાર્યવાહી કરતા પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે અને વાદીઓએ જે આક્ષેપ કરેલો છે તે આક્ષેપ ખોટો હોઈ વાદીઓ મુદ્દા નં.ર પુરવાર કરવામાં સફળ થયેલ નથી. મુદ્દા નં. ૩ અને ૪ બાબતે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાલના કામે આંક–૪૬ થી આર.ટી.એસ. કેસ નં.૯૬/૨૦૧૮ ના કામે થયેલ હુકમ રજુ કરવામાં આવેલ છે, તેમાં પ્રતિવાદીઓ સાચા અને કાયદેસરના વારસો હોવાથી વાદીઓએ તેઓને પક્ષકાર તરીકે દાખલ કરેલા છે અને નોંધ નં.૮૨૦૮ વિરૂધ્ધ વાદીઓએ આજદિન સુધી કોઈ અપીલ કરેલી નથી. આ ઉપરાંત આંક–૪૬ ના હુકમમાં એવુ અવલોકન થયેલ છે કે, આ કામના પ્રતિવાદીઓનો સંયુકત માલીકી, કબજો ભોગવટો છે. આમ, વાદીઓને એસ્ટોપલના સિધ્ધાંતોનો બાધ નડે છે. જેથી મુદ્દા નં.૩ અને ૪ નો નિર્ણય હકારમાં આપવા રજુઆત કરેલ છે અને આમ

આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતના સંયુકત માલીક અને કબજેદાર હોઈ વાદીઓનો દાવો રદ કરવા કથન કરેલ છે.

**(૧૦) <u>મુદ્દા નં.૧ થી ૩ :–</u>**

**(૧) શું વાદી પુરવાર કરે છે કે,રેવન્યુ સર્વે નં.૧૦૫૬/૧ વાળી મિલકતના મુળ માલીક વાદીઓના વડવા વાઘરી મનજીભાઈ હરખાભાઈ માલીક તેમજ કબજેદાર હતા?**

**(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ રેવન્યુ ઓથોરીટીના મેળાપીપણામાં ખોટી રીતે દાવાવાળી મિલકતમાં મીરાત બેનના વારસ તરીકે નામો દાખલ કરાવેલ છે?**

**(૩) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળા ખેતર માં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓનો કોઈ લાગભાગ કે હકક હીસ્સો આવેલ નથી?**

ઉપરોકત ત્રણેય મુદ્દાઓ રજુ થયેલ હકીકત તથા પુરાવાની દ્રષ્ટિએ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલ હોઈ તથા પક્ષકારો તરફે તમામ મુદ્દાઓનો સંયુકત પુરાવો રજુ કરવામાં આવેલ હોઈ અને સદર તમામ મુદ્દા પુરવાર કરવાનો બોજો વાદી ઉપર લાદવામાં આવેલ હોઈ હકીકતનું પુનરાવર્તન ટાળવાના હેતુથી સદરહુ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૧)** હાથ ઉપરના કેસમાં વાદીએ પોતાના દાવામાં એવુ કથન કરેલ છે કે, વાદીઓ મુળ મૈયત વાઘરી મનજીભાઈ હરખાભાઈના વારસો છે અને દાવાવાળી જમીન સર્વે નં.૧૦૫૬/૧ કે જે વાદીઓના મુળ વડવા મનજીભાઈ હરખાભાઈની માલીકીનુ હતુ અને નોંધ નં.૯૨૩ થી તેઓનું નામ ખાતેદાર તરીકે ચાલતુ હતુ અને આ જમીન ગણોતીયા તરીકે વેપારી ઈબ્રાહીમ મોહમદનું નામ દાખલ થયેલુ અને આ બાબતે નોંધ નં.૧૮૫૫ પડેલી અને મંજુર થયેલી, પરંતુ નોંધ નં.૨૧૬૧ વંચાણે લેતા

આ ખેતર ગણોત કેસ ચાલી જતા મુળ માલીક મનજી હરખાને ઘર ખેડ માટે પરત આપવામાં આવેલુ. આમ વાદીઓના વડીલ આ ખેતરમાં માલીક અને કબજેદાર હતા અને મનજી હરખા સને ૧૯૮૩ ની આસપાસ અવસાન પામેલા જેની વારસાઈ નોંધ નં.૪૫૪૦ પડેલી, જે મંજુર થયેલી અને જેમાં મનજીભાઈ હરખાભાઈના પુત્ર વિસાભાઈ મનજીભાઈ જેઓ પણ અવસાન પામેલ હોઈ વાદી નં.૫/૧ અને ૫/૨ તેઓના વારસદાર છે અને તે જ રીતે બાજુભાઈ મનજીભાઈ પણ મનજી હરખાના પુત્ર હોઈ અવસાન પામેલ છે અને તેના વારસો વાદી નં.૬ છે. રેવાભાઈ મનજીભાઈ પણ મનજી હરખાના પુત્ર હતા, જેઓ પણ અવસાન પામેલ છે અને વાદી નં. ૭ તેઓના પુત્ર છે અને વાદી નં. ૮ વાલજીભાઈ મનજીભાઈ જેઓ પણ મનજીભાઈ હરખાભાઈના પુત્ર છે. આ ઉપરાંત મનજીભાઈને પુત્રી નામે ઘુડીબેન હતી, જેઓ અવસાન પામેલ છે તેના કોઈ વારસદારો નથી. બીજી પુત્રી કાસુબેન જેઓ પણ અવસાન પામેલ છે અને તેઓના કોઈ પુત્ર નથી અને તેઓની ત્રીજી પુત્રી મીરાતબેન જે તા.૧૭/૪/૧૯૯૬ ના રોજ અવસાન પામેલ છે અને તેઓના વારસદારોમાં વાદી નં.૧, ૨/૧ થી ૨/૪, ૩/૧ થી ૩/૫, ૪/૧ થી ૪/૬ છે. જયારે રાયચંદભાઈ મનજીભાઈ કે જેઓ પણ મનજીભાઈ હરખાભાઈના પુત્ર હતા અને તેઓ અવસાન પામેલ છે અને આ કામ ના પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તેઓના વારસદારો છે. આમ વાદીઓ અને પ્રતિવાદી નં. ૪ ના વારસો તમામ મનજીભાઈ હરખાભાઈના વારસદારો છે અને પ્રતિવાદી નં.૧ થી ૩ ને વાદી નં.૧ થી ૪ ના માતૃશ્રી મીરાતબેન મનજીભાઈ સાથે કોઈ સ્નાન સુતકનો સંબંધ નથી કે તેઓ સીધી લીટી કે આડી લીટીમાં વારસદાર નથી, પરંતુ પ્રતિવાદી નં.૧ નાએ રેવન્યુ અધિકારીના મેળાપીપણામાં તા.૭/૯/૨૦૧૧ ના રોજ મામલતદાર સમીમાં અરજી કરી મીરાતબેન મનજીભાઈના વારસ તરીકે પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામ દાખલ કરવાની માંગણી કરેલી અને તા.૩૦/૮/૨૦૧૧ ના રોજ બોગસ બનાવટી પેઢીનામુ તૈયાર કરી મીરાતબેન મનજીભાઈના વારસ તરીકે પોતાને દર્શાવેલા અને તેમાં પ્રતિવાદી નં.૧ થી ૩ ની માતા તખુબેનને મીરાતબેનની પુત્રી બતાવવામાં આવેલ

છે તેમજ બીજા કોઈ વારસો દર્શાવેલ નથી અને પંચો તરીકે જે ઈસમોની સહીઓ લેવામાં આવેલ છે તેઓની ઉંમર ૨૫ વર્ષ અને ૨૨ વર્ષ બતાવેલ છે. જયારે તખુબેનનું અવસાન વીસ વર્ષ પહેલા બતાવેલ છ. આમ તે સમયે આ પંચો જન્મેલ ન હતા અને ખોટું પેઢીનામું બનાવેલ અને આ અરજી અને પેઢીનામા આધારે નોંધ નં. ૮૨૦૮ પાડવામાં આવેલી, જે બી. ડી. પટેલ સર્કલ ઓફીસરે ખોટી રીતે મંજુર કરેલી અને તે પહેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(ડી) મુજબની નોટીશ સહવારસદારોને બજાવેલ નહી અને જેના કારણે વાદીઓને જાણ થયેલી નહી. દાવાવાળી જમીન પડતર જમીન છે અને તેમા કોઈ ખેતી થતી નથી, પરંતુ રોડ ટચ જમીન હોઈ આ પડાવી લેવા માટે પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ ખોટી રીતે તેઓના નામ દાખલ કરાવેલ. નોંધ નં.૮૨૦૮ ની વાદીઓને જાણ થતા આર. ટી. એસ. અપીલ નં.૯૮/૨૦૧૮ દાખલ કરેલી, જે સમય મર્યાદાના મુદ્દૈના મંજુર કરેલી અને તેમા એવુ તારણ આપેલ કે વારસદાર દાખલ કરવાની સત્તા દિવાની અદાલતને છે. જેથી વાદીએ દાવો દાખલ કરેલ છે અને બાજુભાઈ મનજીભાઈની વારસાઈ નોંધ નં.૧૦૪૯૨ તથા રેવાભાઈ મનજીભાઈની વારસાઈ નોંધ નં.૧૦૪૯૭ પડેલી, જે વિરૂધ્ધ પ્રતિવાદી નં.૧ નાએ વાંધો લેતા તકરારી કેસ નામંજુર કરવામાં આવેલ, જેના કારણે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.

હાલનો દાવો દાખલ થતા દાવાનો પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ આંક–૨૮ થી લેખિત જવાબ આપેલ છે. જેમા વાદીના દાવાની તમામ હકીકતનો ઈનકાર કરેલ છે અને તેઓ પણ દાવાવાળી મિલકતમાં સહ હીસ્સેદાર અને માલીક હોવાનુ કથન કરેલ છે.

પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નાઓ તરફે આંક–૨૯ થી લેખિત જવાબ આપેલ છે અને તેમાં પણ વાદીના દાવાની તમામ હકીકતોનો ઈનકાર કરેલ છે અને તેઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૩ પણ દાવાવાળી મિલકતમાં સહ હીસ્સેદાર હોવાનુ કથન કરેલ છે.

વાદી તરફે વાદી નં.૧ ની આંક–૩૧ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતા તેમાં દાવાની જ હકીકતોનુ પુનરાવર્તન કરેલ હોઈ અને આ અદાલત ધ્વારા આ હુકમમાં અગાઉ વાદીના દાવાની હકીકતનો ઉલ્લેખ કરેલ હોઈ હકીકતોનુ પુનરાવર્તન ટાળવા સદર સાહેદની સરતપાસની ચર્ચા અત્રે ફરીથી કરવામાં આવતી નથી. આ સાહેદની પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ અભણ છે. હાલનો દાવો મનજી હરખા નામે રહેલ જમીનનો કરેલ છે. મનજીના કેટલા ભાઈ અને કેટલી બહેનો હતી તેની તેઓને ખબર નથી. મનજીભાઈને પાંચ છોકરા અને ત્રણ છોકરીઓ છે. જેમાં રેવાભાઈ, વીહાભાઈ, બાજુભાઈ, રાયચંદભાઈ, વાલજીભાઈ અને છોકરીઓમાં મીરાતબેન, કાસુબેન અને ધુળીબેન હતી. રેવાભાઈ મનજીભાઈ મરણ ગયેલ છે અને તેમના છોકરાઓના નામની તેઓને ખબર નથી. તેજ રીતે વિહાભાઈ મરણ ગયેલ છે અને તેના વારસોના નામની તેઓને ખબર નથી. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, રાયચંદભાઈ અવસાન પામેલ છે અને તેમને ચાર છોકરા છે જેમાં એક નાથાભાઈ, બીજા વેલાભાઈ, ત્રીજા મણાભાઈ અને ચોથા રઘુભાઈ છે. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, મીરાતબેનની પુત્રી તખુબેન છે અને તખુબેનના છોકરા ગંગારામભાઈ છગનભાઈ, પરસોતમભાઈ છગનભાઈ અને નારણભાઈ છગનભાઈ છે. તેઓ વરસોથી રાધનપુર મુકામે રહે છે. સદર સાહેદએ સ્વીકાર કરેલ છે કે, દાવાવાળુ ખેતર કયાં આવેલ છે તે તેમને ખબર નથી. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, આ ખેતર ગંગારામભાઈ છગનભાઈ, પરસોતમભાઈ છગનભાઈ અને નારણભાઈ છગનભાઈ વાવે છે. સદર સાહેદે સ્વીકાર કરેલ છે કે, આ ખેતર તેઓ વાવતા નથી. સાહેદ જણાવે છે કે, પડતર પડેલ છે. એ વાતની તેઓને ખબર નથી કે આ ખેતર ગંગારામભાઈ વાવે છે. મનજી હરખા કયા વર્ષ મરણ ગયેલ તે તેમને ખબર નથી. મનજી હરખાના અવસાન બાદ ખેતરનું શું થયુ તે તેઓને ખબર નથી. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, હાલના કામે વાદી તથા પ્રતિવાદી તમામ મનજીભાઈ હરખાભાઈના વારસદારો છે. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, મનજી

હરખાનું અવસાન થતા તેની વારસાઈ નોંધ પડેલ અને તેના વારસોના નામ દાખલ થયેલા. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, મનજી હરખા ગુજરી જતા તેમની વારસાઈની નોંધ રેકર્ડમાં પડેલ અને ત્યારબાદ મનજી હરખાના વારસદારો ગુજરી ગયા તે પ્રમાણે તેમના વારસોની નોંધ રેકર્ડમાં પડતી ગયેલ છે. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, હાલમાં આ જમીનમાં મનજી હરખાના વારસોના નામ ચાલે છે. દાવાવાળી જમીનમાં નોંધો તેઓના મામાના દીકરાએ પડાવેલ. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, નોંધ નં. ૮૨૦૮ ની પાડવામાં આવેલ, જે વિરૂધ્ધ અપીલ કરેલ તે સીવાય બીજી કોઈ તકરાર ઉભી કરેલ નહી. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, આ અપીલ નામંજુર થયેલ. તેઓએ ત્યારબાદ કોઈ બીજી અપીલ કરેલ નથી, પરંતુ હાલનો કેસ કરેલ છે. સદર સાહેદએ સ્વીકાર કરેલ છે કે, તેઓને હાલના પ્રતિવાદી નં.૧ થી ૩ પુરતો વાંધો રહેલ છે. સદર સાહેદે એ સ્વીકાર કરેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ તેઓનો હીસ્સો આપતા ન હોઈ હાલનો કેસ કરેલ છે.

સદર સાહેદની પ્રતિવાદી નં. ૪/૧ થી ૪/૪ તરફે વિ.વ.શ્રી આર.એસ. મજમુદાર ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમાં સદર સાહેદએ સ્વીકાર કરેલ છે કે મૈયત વાઘરી મનજીભાઈ હરખાભાઈના તમામ વારસદારો સામે હાલનો દાવો કરેલ છે.

વાદી તરફે વાદી નં.૬/૩ વાઘરી ઝેણાભાઈ બાજુભાઈની આંક–૫૨ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતા તેમાં દાવાની જ હકીકતોનુ પુનરાવર્તન કરેલ હોઈ અને આ અદાલત ધ્વારા આ હુકમમાં અગાઉ વાદીના દાવાની હકીકતનો ઉલ્લેખ કરેલ હોઈ હકીકતોનું પુનરાવર્તન ટાળવા સદર સાહેદની સરતપાસની ચર્ચા અત્રે ફરીથી કરવામાં આવતી નથી. આ સાહેદની પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ બાજુભાઈ મનજીભાઈના વારસદાર છે. મનજીભાઈ હરખાભાઈ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાવામાં વાદી તરીકે જેટલા નામ લખેલ છે તે તમામ

મનજીભાઈ હરખાભાઈના વારસદારો છે. કાસુબેન મનજીભાઈએ મનજીભાઈની દીકરી છે. જબુબેન, વાલીબેન અને સબુબેન એ કાશીબેનની દીકરીઓ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ મનજીભાઈની દીકરી કાશુબેનનું નામ દાવામાં પક્ષકાર તરીકે દર્શાવેલ નથી. ધુળીબેનએ મનજીભાઈની દીકરી થાય છે, ધુળીબેન મરણ ગયેલ છે. ધુળીબેનના વારસો નથી. ત્યારબાદ જણાવે છે કે, તેઓએ ધુળીબેનના વારસોને હાલના કામે દાખલ કરેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હીરાબેન, લીલાબેન, મનુભાઈ, દેવરાજભાઈ અને દીપકભાઈ એ તમામ ધુળીબેન મનજીભાઈના વારસો છે અને તેઓને પક્ષકાર તરીકે દાખલ કરેલ નથી. જકશીભાઈ વિસાભાઈ મરણ ગયેલ છે. જકશીભાઈ વિસાભાઈના મૈયતના વારસોમાં જે સાત નામ દાવા અરજમાં જણાવેલ છે તે સિવાય શાંતીબેન વીસાભાઈ અને મધીબેન વિસાભાઈ બંને વારસોદારો છે અને તેમનુ નામ દાવામાં પક્ષકાર તરીકે લખાવેલ નથી. સોમાભાઈ વિસાભાઈ મરણ ગયેલ છે અને તેમના વારસોમાં મનુભાઈ, તુલશીભાઈ છે અને તે સીવાયના નામો તેમને હાલ યાદ નથી. સોમાભાઈના પૂત્રમાં કાળુભાઈ હતા જે અવસાન પામેલા છે. તેના નામની તેઓને ખબર નથી. ચંપાબેન બાજુભાઈ અને બાલુબેન બાજુભાઈએ તેઓની સગી બહેનો થાય છે. જેમાં ચંપાબેન હયાત છે અને બાલુબેન મરણ ગયેલ છે. જેમાં બાલુબેનના વારસોની તેઓને ખબર નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાવા અરજમાં ચંપાબેન અને બાલુબેનનું નામ દર્શાવેલ નથી. રેવાભાઈ મનજીભાઈના વારસોમાં રાજુભાઈ, બાબુભાાઈ, અમરતભાઈ અને તે સિવાયના નામો તેમને હાલ યાદ નથી. રેવાભાઈ મનજીભાઈને પુત્રીઓમાં ભીખીબેન, બબીબેન, કાન્તાબેન અને ગોદીબેન છે. જેમાં બબીબેન, કાન્તાબેન અને ગોદીબેનના નામો દાવામાં પક્ષકાર તરીકે જણાવેલ નથી.

તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, ગંગારામ છગન, પરસોતમ છગન અને નારણ છગન એ મનજીભાઈ હરખાભાઈના વારસોમાં આવે છે. તેઓએ એ

હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ભલાભાઈ હરખાભાઈના વારસોમાં આવે છે અને ભલાભાઈ અને મનજીભાઈ એ બે સગા ભાઈઓ છે.

તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રાયચંદભાઈએ મનજીભાઈ હરખાભઈનો છોકરો છે, તેઓ અવસાન પામેલા છે. તેમના વારસોમાં નાથાભાઈ, વેલાભાઈ, મણાભાઈ, રઘુભાઈ, કાન્તાબેન, ભગીબેન અને રાધાબેન એ તમામ રાયચંદ મનજીના વારસો છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કાન્તાબેન, ભગીબેન અને રાધાબેન આ ત્રણેય દીકરીના નામ દાવામાં જણાવેલ નથી.

દાવાવાળી જમીનનો નં.૧૦૫૬/૧ છે. આ ખેતર સમી પોલીસ સ્ટેશન અને ધરતી હોટલની વચ્ચે આવેલ છે. આજુબાજુ કોના ખેતર આવેલ છે તેની તેઓને ખબર નથી. તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓનો છે. તેઓ ૩૦-૪૦ વર્ષથી રાજકોટ મુકામે રહે છે. તેઓ સમી મુકામે પ્રસંગોપાત આવે છે. આ ખેતરમાં હાલમાં મનજીભાઈ હરખાભાઈના વારસોના નામ ચાલે છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે નામો ચાલે છે તે વીસાભાઈ મનજીભાઈના વારસોના છે. તેઓએ દાવાવાળી જમીન બાબતે રેવન્યું રાહે કાર્યવાહી કરેલ છે તેમાં તેઓ વિરૂધ્ધ નિર્ણય આવેલ છે. સદર સાહેદની પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

વાદી તરફે વાદી નં.૭/૩ : વાઘરી અમરતભાઈ રેવાભાઈની આંક-૫૪ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં તેમાં દાવાની જ હકીકતોનુ પુનરાવર્તન કરેલ હોઈ અને આ અદાલત ધ્વારા આ હુકમમાં અગાઉ વાદીના દાવાની હકીકતનો ઉલ્લેખ કરેલ હોઈ હકીકતોનુ પુનરાવર્તન ટાળવા સદર સાહેદની સરતપાસની ચર્ચા અત્રે ફરીથી કરવામાં આવતી નથી. આ સાહેદની પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ બાજુભાઈ મનજીભાઈના વારસદાર છે. મનજીભાઈ હરખાભાઈ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાવામાં વાદી તરીકે જેટલા નામ લખેલ છે તે તમામ

મનજીભાઈ હરખાભાઈના વારસદારો છે. કાસુબેન મનજીભાઈએ મનજીભાઈની દીકરી છે. જબુબેન, વાલીબેન અને સબુબેન એ કાશીબેનની દીકરીઓ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ મનજીભાઈની દીકરી કાશુબેનનું નામ દાવામાં પક્ષકાર તરીકે દર્શાવેલ નથી. ધુળીબેનએ મનજીભાઈની દીકરી થાય છે, ધુળીબેન મરણ ગયેલ છે. ધુળીબેનના વારસો નથી. ત્યારબાદ જણાવે છે કે, તેઓએ ધુળીબેનના વારસોને હાલના કામે દાખલ કરેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હીરાબેન, લીલાબેન, મનુભાઈ, દેવરાજભાઈ અને દીપકભાઈ એ તમામ ધુળીબેન મનજીભાઈના વારસો છે અને તેઓને પક્ષકાર તરીકે દાખલ કરેલ નથી. જકશીભાઈ વિસાભાઈ મરણ ગયેલ છે. જકશીભાઈ વિસાભાઈના મૈયતના વારસોમાં જે સાત નામ દાવા અરજમાં જણાવેલ છે તે સિવાય શાંતીબેન વીસાભાઈ અને મઘીબેન વિસાભાઈ બંને વારસોદારો છે અને તેમનુ નામ દાવામાં પક્ષકાર તરીકે લખાવેલ નથી. સોમાભાઈ વિસાભાઈ મરણ ગયેલ છે અને તેમના વારસોમાં મનુભાઈ, તુલશીભાઈ છે અને તે સિવાયના નામો તેમને હાલ યાદ નથી. સોમાભાઈના પુત્રમાં કાળુભાઈ હતા જે અવસાન પામેલા છે. તેના નામની તેઓને ખબર નથી. ચંપાબેન બાજુભાઈ અને બાલુબેન બાજુભાઈ એ તેઓની તેઓની સગી બહેનો થાય છે. જેમાં ચંપાબેન હયાત છે અને બાલુબેન મરણ ગયેલ છે. જેમાં બાલુબેનના વારસોની તેઓને ખબર નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાવા અરજમાં ચંપાબેન અને બાલુબેનનું નામ દર્શાવેલ નથી. રેવાભાઈ મનજીભાઈના વારસોમાં રાજુભાઈ, બાબુભાાઈ, અમરતભાઈ અને તે સીવાયના નામો તેમને હાલ યાદ નથી. રેવાભાઈ મનજીભાઈને પુત્રીઓમાં ભીખીબેન, બબીબેન, કાન્તાબેન અને ગોદીબેન છે. જેમાં બબીબેન, કાન્તાબેન અને ગોદીબેનના નામો દાવામાં પક્ષકાર તરીકે જણાવેલ નથી. તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, ગંગારામ છગન, પરસોતમ છગન અને નારણ છગન એ મનજીભાઈ હરખાભાઈના વારસોમાં આવે છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ભલાભાઈ હરખાભાઈના વારસોમાં આવે છે અને ભલાભાઈ અને મનજીભાઈ એ બે સગા ભાઈઓ

છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રાયચંદભાઈએ મનજીભાઈ હરખાભાઈનો છોકરો છે, તેઓ અવસાન પામેલા છે, તેમના વારસોમાં નાથાભાઈ, વેલાભાઈ, મણાભાઈ, રઘુભાઈ, કાન્તાબેન, ભગીબેન અને રાધાબેન એ તમામ રાયચંદ મનજીના વારસો છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કાન્તાબેન, ભગીબેન અને રાધાબેન આ ત્રણેય દીકરોના નામ દાવામાં જણાવેલ નથી. દાવાવાળી જમીનનો નં. ૧૦૫૬/૧ છે. આ ખેતર સમી પો.સ્ટેશન અને ધરતી હોટલની વચ્ચે આવેલ છે. આજુબાજુ કોના ખેતર આવેલ છે તેની તેઓને ખબર નથી. તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓનો છે. તેઓ ૩૦–૪૦ વર્ષથી રાજકોટ મુકામે રહે છે. તેઓ સમી મુકામે પ્રસંગોપાત આવે છે. આ ખેતરમાં હાલમાં મનજીભાઈ હરખાભાઈના વારસોના નામ ચાલે છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે નામો ચાલે છે તે વીસાભાઈ મનજીભાઈના વારસોના છે. તેઓએ દાવાવાળી જમીન બાબતે રેવેન્યુ રાહે કાર્યવાહી કરેલ છે તેમા તેઓ વિરૂધ્ધ નિર્ણય આવેલ છે. સદર સાહેદની પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

હાલના કામે પ્રતિવાદી નં.૧ ગંગારામભાઈ છગનભાઈની આંક–૫૯ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે તો તેમાં તેઓએ પોતાના દાવાના લેખિત જવાબનુ જ પુનરાવર્તન કરેલ હોઈ અને આ અદાલત ધ્વારા આ હુકમમાં સદર જવાબનુ વર્ણન અગાઉ કરવામાં આવેલ હોઈ હકીકતોનુ પુનરાવર્તન ટાળવા સદર સાહેદની સોગંદ ઉપરની સરતપાસની ચર્ચા કરવામાં આવેલ નથી. સદર સાહેદની વાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જે વંચાણે લેતા તેઓએ જણાવેલ છે કે, તેઓ ત્રણ ભાઈ અને ત્રણ બહેનો છે. તેઓની ત્રણ બહેનો નામ બબીબેન, પાલુબેન અને શાંતીબેન છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બબીબેનને વારસો છે. તેઓના પિતાનુ નામ છગનભાઈ બલાભાઈ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બલાભાઈ અને મનજીભાઈ બે સગા ભાઈ

હતા. તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, નાથાભાઈ રાયચંદભાઈ નાએ તેઓ તથા વાઘરી વાલજી મનજી વિગેરે સામે ભાગ મેળવવા માટે દાવો કરેલો છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સર્વે નં.૧૦૮૧ ના મુળ માલીક હરખાભાઈ રત્નાભાઈ છે, સર્વે નં.૧૦૮૧ માં તેઓનો ભાગ હોઈ તેઓ તેમા પક્ષકાર છે અને ખેતર રે.સ.નં.૯૮૦ પૈકી વિગેરે પણ તેઓના પિતા છગનભાઈ બલાભાઈ વિગેરેની માલીકીના હતા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની માતાનું નામ તખીબેન છે તેમજ ખેતર રે.સ.નં.૯૮૦ પૈકીમાં તેમના સીવાય તેમની ત્રણ બહેનોના નામ પણ વારસદાર તરીકે દાખલ થયેલા. જે દાવામાં તેઓ જુબાની આપે છે તેનો સર્વે નં.૧૦૫૬/૧ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાવાવાળુ ખેતર રે.સ.નં.૧૦૫૬/૧ વાઘરી મનજી હરખાના ખાતાનુ આવેલુ છે. વાઘરી મનજી હરખા કયારે ગુજરી ગયા તેની તેઓને ખબર નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાઘરી મનજી હરખાને મીરાતબેન નામની દીકરી તથા વીસાભાઈ , બાજુભાઈ, રેવાભાઈ તથા વાલજીભાઈ એમ ચાર દિકરા છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાઘરી મનજી હયાત છે અને તે સિવાયના બાકીના અવસાન પામેલા છે. મીરાતબેનના પતિનું નામ ડાયાભાઈ મઘુભાઈ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ડાયાભાઈ વીરજીભાઈ, કેશાભાઈ અને જીવાભાઈ એમ ત્રણ દિકરા છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ડાયાભાઈના ત્રણે દિકરા ગુજરી ગયેલ છે અને મીરાતબેનને રૈયાબેન નામની દીકરી છે જે હયાત છે. આ દાવાવાળા ખેતરમાં તેઓનુ નામ વારસદાર તરીકે દાખલ કરવા માટે તેઓ ત્રણે ભાઈઓએ અરજી કરેલી. તેઓએ તખીબેનના વારસદાર તરીકે કે જેઓ તેઓની મં હોઈ દાવાવાળા ખેતરમાં નામ દાખલ કરવા અરજી કરેલી. તખીબેન અને મીરાતબેન એ નંણદ ભોજાઈ થતા હતા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ નામ દાખલ કરવાની અરજી કરતા અગાઉ મીરાતબેનનું પેઢીનામુ કરેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ પેઢીનામુ તેઓએ તા.૩૦/૮/૨૧૧ ના રોજ કરેલુ. આ પેઢીનામામાં પંચો કોણ હતા તે તેઓ કહી શકે નહી. એ વાતની

તેઓને ખબર નથી કે પેઢીનામામાં મીરાતબેન ૪૦ વર્ષ પહેલા અવસાન પામેલાનુ જણાવેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ પેઢીનામા આધારે વારસાઈની નોંધ નં. ૮૨૦૮ પાડવામાં આવેલી. તેઓ આ નોંધના કાગળો રજુ કરી શકે તેમ નથી. આ પેઢીનામામાં પંચોની ઉંમર કેટલી દર્શાવેલી છે તેની તેઓને ખબર નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેઢીનામા મુજબ તખીબેનને મીરાતબેનની દીકરી તરીકે દર્શાવેલ છે અને તેઓએ પેઢીનામામાં તેમની બેનોના નામ વારસદાર તરીકે દર્શાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેઢીનામાની અરજીમાં તેમની સહી છે અને મીરાતબેનને ત્રણ દિકરા અને એક દીકરી હોવા છતાં તે વારસોના નામ દર્શાવેલ નથી તેમજ તેઓ મનજી હરખાના વારસ નહીં, પરંતુ ભલા હરખાના વારસ થાય. તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, તેઓએ મનજી હરખાની જમીનમાં મીરાતબેનનું ખોટુ પેઢીનામુ બનાવી ખોટી રીતે વારસદાર બનીને નામ દાખલ કરાવેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મનજી હરખાની વારસાઈ નોંધ નં.૪૫૪૦ પડેલી અને તેના વારસોના નામ દાખલ થયેલા અને ભલા હરખાના સર્વે નં. ૧૦૮૧ માં ભલા હરખાના વારસદાર તરીકે તેઓની માતા તખીબેનનું નામ દર્શાવેલ નથી. તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, સર્વે નં.૧૦૫૬ રોડ ઉપરની જમીન હોઈ તેઓએ ગેરકાયદેસર રીતે તેને હડપ કરવા માટે પ્રયત્ન કરતા હાલનો ખોટો દાવો કરેલ છે. તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, તેઓએ આ મિલકતમાં હકક હોવા બાબતે કોઈ પુરાવા રજુ કરેલા નથી.

હાથ ઉપરના કેસમાં મુદ્દા નં. ૧ બાબતે વિચારણા કરવામાં આવે તો વાદીઓના દાવામાં એવુ કથન છે કે, દાવાવાળી મિલકત વાદીઓના વડવા મનજીભાઈ હરખાભાઈની માલીકી કબજા ભોગવટાની આવેલી હતી. હાથ ઉપરના કેસમાં પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે વાદીના દાવામાં આંક–૨૮ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. તેમાં દાવાવાળી મિલકતના મુળ માલીક મનજીભાઈ હરખાભાઈ હોવાનો જવાબના પેરા નં.૪ માં સ્વીકાર કરેલ છે અને આ જ હકીકતનો પ્રતિવાદી નં.૪/૧ થી

૪/૪ તરફે જે લેખિત જવાબ આંક–૨૯ થી રજુ કરવામાં આવેલ છે તેમાં પણ સ્વીકાર કરવામાં આવેલ છે. આમ, જયારે બંને પક્ષે દાવાવાળી મિલકતના મુળ માલીક મનજીભાઈ હરખાભાઈ હોવાની હકીકતનો સ્વીકાર થતો હોય ત્યારે વાદી મુદ્દા નં.૧ પુરવાર કરવામાં સફળ થતા હોવાનુ આ અદાલતનુ માનવું છે, **જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.**

મુદ્દા નં.૨ બાબતે વિચારણા કરવામાં આવે તો વાદી તરફે એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ રેવન્યુ ઓથોરીટી સાથેના મેળાપીપળામાં દાવાવાળી મિલકતમાં તેઓ મીરાતબેનના વારસદાર ન હોવા છતાં તેઓના નામ વારસદાર તરીકે દાખલ કરાવેલ છે. સદર બાબતે વાદી તરફે આંક–૩૭ થી આંક–૫૧ સુધીના દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલ છે. તે વંચાણે લેતા નોંધ નં.૮૨૦૮ થી આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નું નામ પણ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોવાનું જણાય છે અને નોંધ નં.૮૨૦૮ વિરૂધ્ધ વાઘરી મનજીભાઈ હરખાભાઈના વારસદારો સદર નોંધ તા.૦૮/૦૯/૨૦૧૧ ના રોજ પાડવામાં આવેલ અને તે નોંધ વિરૂધ્ધ વર્ષ ૨૦૧૮ માં તકરાર ઉપસ્થિત કરતા તે સમય મર્યાદાના મુદ્દે રદ કરવામાં આવેલ. હાથ ઉપરના કેસમાં વાદીઓનો એવો આક્ષેપ છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ કે જેઓ મીરાતબેનના વારસદાર ન હોવા છતાં ખોટુ પેઢીનામુ બનાવી અને રેવન્યુ અધીકારીના મેળાપીપળામાં નોંધ નં.૮૨૦૮ પડાવી પોતાના નામ દાવાવાળી જમીનમાં દાખલ કરેલ છે. સદર બાબતે વિચારણા કરવામાં આવે તો હાથ ઉપરના કેસમાં એ હકીકત સ્વીકૃત છે કે, વાદી તરફે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ જે ખોટુ પેઢીનામુ બનાવેલાનો આક્ષેપ કરેલ છે, પરંતુ હાથ ઉપરના કેસમાં આ અદાલત સમક્ષ નોંધ નં.૮૨૦૮ કે તેવું કોઈ પેઢીનામું વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. એ હકીકત સ્વીકૃત છે કે, સદર આક્ષેપ વાદી તરફે કરવામાં આવેલ હોઈ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અન્વયે તે સાબિત કરવાનો બોજો વાદીના માથે રહેલો છે, પરંતુ વાદી તરફે આ બાબતે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ ઉપરાંત વાદી

તરફે આંક–૩૧ થી જે સાહેદની જુબાની નોંધવામાં આવેલ છે તેમાં તેઓએ પ્રતિવાદી નં.૧ થી ૩ ની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે વાદી તથા પ્રતિવાદી તમામ મનજીભાઈ હરખાભાઈના વારસદારો છે. આ સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો વાદી તરફે એવો સ્વીકાર થયેલ છે કે, આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ એટલે કે વાદી નં.૧ થી ૩ અને પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ કે જેઓ તમામ મનજીભાઈ હરખાભાઈના વારસદારો છે. આ ઉપરાંત આ સાહેદે પોતાની ઉલટ તપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ તેઓને હિસ્સો આપતા ન હોઈ હાલનો કેસ કરેલ છે. આ સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો એ હકીકત સ્વીકૃત છે કે, વાદી નં.૧ કે જેઓ પ્રતિવાદી નં.૧ થી ૩ પાસે પોતાના હિસ્સાની માંગણી કરેલ હોઈ અને તે આપતા ન હોઈ કેસ કરેલ છે, જેથી એ હકીકત માનવાપાત્ર બને છે કે, પ્રતિવાદીઓનો પણ દાવાવાળી મિલકતમાં હકકહિસ્સો રહેલ છે. આ ઉપરાંત આ સાહેદની પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તરફે જે ઉલટતપાસ કરવામાં આવે છે તેમાં પણ તેઓએ સ્વીકાર કરેલ છે કે, વાઘરી મનજીભાઈ હરખાભાઈના તમામ વારસદારો સામે હાલનો કેસ કરેલ છે. આ સ્થિતિ ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ થી ૩ સામે પણ કેસ થયેલ હોઈ અને તેઓને પણ આ સાહેદ મનજીભાઈ હરખાભાઈના વારસદાર તરીકે સ્વીકારતા હોવાનુ જણાય છે. જયારે આંક–પર ના સાહેદની પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એવુ જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ ભલાભાઈ હરખાભાઈના વારસોમાં આવે છે અને ભલાભાઈ અને મનજીભાઈ બે સગાભાઈઓ છે. આ ઉપરાંત વાદી તરફે આંક–૩૧ થી જે સાહેદને તપાસવામાં આવેલ છે તે તથા આંક–પર અને આંક–પ૪ ના સાહેદો તેઓ આ જમીનનો પ્રત્યક્ષ કબજો ધરાવતા હોવાની હકીકતને પોતાની ઉલટતપાસમાં સમર્થન કરેલ નથી અને આંક–પર અને આંક–પ૪ ના સાહેદ રાજકોટ મુકામે ૩૦–૪૦ વર્ષથી રહેતા હોવાનુ અને આંક–૩૧ ના સાહેદ વર્ષોથી રાધનપુર મુકામે રહેતા હોવાનુ સ્વીકારેલ છે અને આમ દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો પ્રતિવાદી નં.૧ થી ૩ પાસે હોવાનુ

જણાય છે. ત્યારબાદ હાલના કામે આંક–૫૯ થી પ્રતિવાદી નં.૧ ની વાદી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાવાવાળા ખેતરમાં તેઓનું નામ વારસદાર તરીકે દાખલ કરવા માટે તેઓ ત્રણે ભાઈઓએ અરજી કરેલી. તેઓએ તખીબેનના વારસદાર તરીકે કરેલી, જેઓ તેઓની મા હોઈ દાવાવાળા ખેતરમાં નામ દાખલ કરવા અરજી કરેલી. આ ઉપરાંત તખીબેન અને મીરાતબેન એ નણંદ ભોજાઈ થતા હતા. આ ઉપરાંત એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, નામ દાખલ કર્યાની અરજી અગાઉ મીરાતબેનનું પેઢીનામુ કરેલ અને આ પેઢીનામુ તા.૩૦/૦૮/૨૦૧૧ ના રોજ કરેલ. આ ઉપરાંત પેઢીનામા મુજબ તખીબેનને મીરાતબેનની દીકરી તરીકે દર્શાવેલ છે અને આ પેઢીનામાની અરજીમાં પોતાની સહી હોવાનુ તથા તેઓ મનજીભાઈ હરખાભાઈના વારસ નહી, પરંતુ ભલાભાઈ હરખાભાઈના વારસદાર હોવાનુ સ્વીકારેલ છે અને એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભલાભાઈ હરખાભાઈના સર્વે નં.૧૦૮૧ માં વારસદાર તરીકે તેઓની માતા તખીબેનનુ નામ દર્શાવેલ નથી. આ સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો એ હકીકત સ્વીકૃત છે કે, મીરાતબેન કે જેઓ મનજીભાઈ હરખાભાઈની પુત્રી થતી હતી અને તખીબેન અને મીરાતબેન વચ્ચે નણંદ ભોજાઈનો સંબંધ હતો અને તખીબેનએ મીરાતબેનની પુત્રી ન હતી અને આ હકીકત પ્રતિવાદી નં.૧ ની ઉલટતપાસ વંચાણે લેતા જણાય છે. આ સ્થિતિ ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ થી ૩ કે જેઓની માતા મીરાતબેનની પુત્રી ન હોઈ પ્રતિવાદી નં.૧ થી ૩ મનજીભાઈ હરખાભાઈના વારસદાર હોવાની હકીકત પુરવાર થતી નથી. આ ઉપરાંત પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ બાબતે વિચારણા કરવામાં આવે તો વાદીની પોતાની ઉલટતપાસ દરમ્યાન એ હકીકત જાહેર થયેલ છે કે, મનજીભાઈને પાંચ છોકરા જેમાં રેવાભાઈ, વિહાભાઈ, બાજુભાઈ, રાયચંદભાઈ અને વાલજીભાઈ અને છોકરીઓમાં મીરાતબેન, કાસુબેન અને ધુળીબેન હતી. આ સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ એ રાયચંદભાઈ મનજીભાઈના વારસદારો છે અને જયારે મિલકત મનજીભાઈ હરખાભાઈની હોય ત્યારે તેઓના પુત્ર રાયચંદભાઈનો પણ હકક રહે છે. આ

ઉપરાંત પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે વાદીની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેણીએ એ હકીકતનો સ્પષ્ટ ઈનકાર કરેલ છે કે મીરાતબેનની પુત્રી તખુબેન છે. આ ઉપરાંત હાથ ઉપરના કેસમાં પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે કોઈ દસ્તાવેજી આધાર રજુ કરવામાં આવેલ નથી. જેનાથી આ અદાલત સમક્ષ એ હકીકત પુરવાર થાય કે, પ્રતિવાદી નં.૧ થી ૩ કે જેઓ મનજીભાઈ હરખાભાઈના વારસદાર છે. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ નાએ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેઢીનામા આધારે વારસાઈની નોંધ પાડવામાં આવેલી અને તખીબેનના વારસદાર તરીકે તેઓએ પોતાના નામ દાખલ કરવા ત્રણે ભાઈઓએ અરજી કરેલી અને આ પેઢીનામું તા.૩૦/૦૮/૨૦૧૧ ના રોજ કરેલુ. આ જ પ્રતિવાદી પોતાની ઉલટતપાસમાં એવું સ્વીકારે છે કે, તખીબેનને પેઢીનામા મુજબ મીરાતબેનની દીકરી તરીકે દર્શાવેલ છે અને આ જ પ્રતિવાદી નં.૧ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તખીબેન અને મીરાતબેન નણંદ ભોજાઈ થતા હતા. જેથી પ્રતિવાદી નં.૧ ની ઉલટતપાસથી જ એ હકીકત પુરવાર થાય છે કે, તખીબેન કે જેઓ મીરાતબેનની પુત્રી ન હોવા છતાં મીરાતબેનનું તા.૩૦/૦૮/૨૦૧૧ ના રોજનું જે પેઢીનામુ તૈયાર કરવામાં આવેલ જેમાં તખીબેન કે જેઓ મીરાતબેનની પુત્રી ન હોવા છતાં તેને પુત્રી તરીકે દર્શાવી તખીબેનના વારસદાર તરીકે દર્શાવી પોતાનુ નામ રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી મિલકતમાં દાખલ કરાવેલ. આ ઉપરાંત નોંધ નં.૮૨૦૮ ના આધારે પ્રતિવાદી નં.૧ થી ૩ નું નામ રેવન્યુ દફતરે દાખલ થયેલ અને તે નોંધને આ કામના વાદીઓ ધ્વારા પડકારવામાં આવતાં નાયબ કલેકટર ધ્વારા માત્ર સમય ચર્માદાના મુદ્દે તે અપીલ રદ કરેલ છે અને આંક-૪૬ થી રજુ થયેલ હુકમના પેરા નં.૩ માં નોંધ નં.૮૨૦૮ બાબતે વિચારણા કરતા મીરાતબેન મનજીભાઈના વારસદાર તરીકે પ્રતિવાદી નં.૧ થી ૩ નાને દર્શાવેલ છે. જો પ્રતિવાદી નં.૧ થી ૩ મીરાતબેનના વારસદાર હોય તો તેઓએ આ બાબતનો પુરાવો અદાલતમાં રજુ કરેલ હોત, પરંતુ તેમ થયેલ નથી. આ ઉપરાંત નોંધ નં.૮૨૦૮ જયારે પાડવામાં આવેલ ત્યારે મનજીભાઈ હરખાભાઈને અન્ય વારસદારોને લેન્ડ રેવન્યુ કોડની કલમ-

૧૩૫ (ડી) મુજબની નોટીસ બજાવવામાં આવેલ કે કેમ તેનો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ તેઓની માતા તખીબેન કે જેઓ મીરાતબેનની પુત્રી ન હોવાનુ પોતે જાણતા હોવા છતાં એ ખોટુ પેઢીનામુ કરી તેના આધારે નોંધ નં.૮૨૦૮ પડાવેલ અને તેઓના નામ રેવન્યુ દફતરે દાખલ કરેલ, પરંતુ આંક–૪૬ ના હુકમમાં જ સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે, મહેસુલી નોંધ ફીસ્કલ વેલ્યુ માટે છે અને વારસદારોનો હકક નકકી કરવાની સત્તા દિવાની અદાલતને હોવાનું ઠરાવેલ છે. આમ, માત્ર પ્રતિવાદી નં.૧ થી ૩ નાનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થઈ જવા માત્રથી પ્રતિવાદી નં.૧ ની પોતાની ઉલટતપાસની ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા જયારે તેઓની માતા મીરાતબેનની પુત્રી ન હોઈ ત્યારે તેઓની માતાને મીરાતબેનની પુત્રી તરીકે દર્શાવી ખોટું પેઢીનામુ તૈયાર કરી તેના આધારે પોતાના નામ દાખલ કરી દેવા માત્રથી પ્રતિવાદી નં.૧ થી ૩ નો દાવાવાળી મિલકતમાં કોઈ હકક ઉપસ્થિત થતો નથી અને રેવન્યુ અધિકારી ધ્વારા જે તે સમયે નોંધ નં.૮૨૦૮ બાબતે મનજીભાઈ હરખાભાઈના તમામ વારસદારોને લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(ડી) મુજબની નોટીસ બજાવેલ હોત તો નોંધ નં.૮૨૦૮ મંજુર થઈ શકત નહી. જો કે આ અદાલત પાસે સદર નોંધના કાગળો રજુ થયેલ નથી અને પ્રતિવાદી નં.૧ કે જેઓએ નોંધના કાગળો કે પેઢીનામુ રજુ કરેલ નથી. જેથી એવુ માનવાને કારણ રહે છે કે, જો પ્રતિવાદી નં.૧ થી ૩ આ કાગળો રજુ કરે તો સત્ય હકીકત અદાલત સમક્ષ જાહેર થઈ જાય અને તેઓને અન્ય કાર્યવાહીનો સામનો કરવો પડે. જેથી તેઓએ સદર કાગળો રજુ કરેલા નથી અને આ સ્થિતિ ધ્યાને લેતાં પ્રત્યક્ષ રીતે અદાલત સમક્ષ પુરાવો ન હોઈ, પરંતુ પરોક્ષ રીતે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ રેવન્યુ ઓથોરીટી સાથેના મેણાપીપણામાં તેઓના નામ રેવન્યુ રેકર્ડમાં મીરાતબેનના વારસદાર તરીકે દાખલ કરાવેલ હોવાનું પ્રતિવાદી નં.૧ ની ઉલટતપાસ વંચાણે લેતા જણાય છે. આ ઉપરાંત તેઓ મનજીભાઈ હરખાભાઈના વારસદાર ન હોવાનુ પણ સ્વીકારતા હોઈ અને તેઓની સોગંદઉપરની સરતપાસમાં પેરા નં.૨ માં આ ખેતરના મુળમાલીક મનજીભાઈ હરખાભાઈ હોવાનુ અને

પ્રતિવાદીઓના પિતા છગનભાઈ બલાભાઈ હોઈ અને બલાભાઈ હરખાભાઈ તથા મનજીભાઈ હરખાભાઈ બંને ભાઈઓ હોવાનુ અને દાવાવાળી મિલકતમાં બલાભાઈ હરખાભાઈનો કોઈ ભાગ હોવાનો કોઈ પુરાવો પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે રજુ કરેલ નથી. આ સ્થિતિ ધ્યાને લેતા વાદી મુદ્દા નં.૨ પુરવાર કરવામાં સફળ થતા હોવાનુ આ અદાલતનુ માનવુ છે. જેથી **મુદ્દા નં.૨ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.**

મુદ્દા નં.૩ બાબતે વિચારણા કરવામાં આવે તો જયારે પ્રતિવાદી નં.૧ થી ૩ કે જેઓ બલાભાઈ હરખાભાઈના વારસદાર હોઈ અને બલાભાઈ હરખાભાઈ અને મનજીભાઈ હરખાભાઈ બંને ભાઈઓ હોઈ અને દાવાવાળી મિલકત મનજીભાઈ હરખાભાઈની માલીકીની હોઈ તથા પ્રતિવાદી નં.૧ થી ૩ ની માતા કે જેઓ મીરાતબેનની પુત્રી ન હોઈ અને પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ મીરાતબેનનુ પેઢીનામુ ખોટી રીતે તૈયાર કરી તેઓની માતા તખીબેનને મીરાતબેનની પુત્રી તરીકે દર્શાવી અને પોતાને તખીબેનના પુત્રો તરીકે દર્શાવી પોતાના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ, પરંતુ તેટલા માત્રથી જયારે તેઓની માતા તખીબેન કે જેઓ મીરાતબેનની પુત્રી ન હોઈ તેવી હકીકત પ્રતિવાદી નં.૧ ની ઉલટતપાસમાં પુરવાર થતી હોય અને જયારે દાવાવાળી મિલકતમાં બલાભાઈ ભલાભાઈનો કોઈ હકક હિસ્સો હોવાની હકીકત પુરવાર થતી ન હોઈ તથા તેવો પ્રતિવાદી નં.૧ થી ૩ નો કોઈ બચાવ ન હોઈ, પરંતુ તેઓએ પોતાના નામ તેઓની માતા તખીબેનને મીરાતબેનની પુત્રી તરીકે ખોટી રીતે દર્શાવી પોતાના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ અને જયારે તેઓની માતા મીરાતબેનની પુત્રી ન હોય, ત્યારે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓને દાવાવાળી મિલકતમાં કોઈ હકક હીસ્સો રહેતો નથી. આમ, વાદી મુદ્દા નં.૩ પુરવાર કરવામાં સફળ થતા હોવાનુ આ અદાલતનુ માનવુ છે. જેથી **મુદ્દા નં.૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.**

**(૧૨) મુદ્દા નં. ૪ :-**

**(૪) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ**

**તથા પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નાઓ દાવાવાળી મિલકતના સહ માલીક અને સહ હીસ્સેદાર છે?**

મુદ્દા નં.૪ બાબતે વિચારણા કરવામાં આવે તો મુખ્યત્વે મુદ્દા નં. ૨ તથા ૩ ની ચર્ચા ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ થી ૩ કે જેઓ મનજીભાઈ હરખાભાઈના વારસદાર ન હોઈ અને તેઓની માતા તખીબેન કે જેઓ મીરાતબેનની પુત્રી ન હોઈ તેમ છતા મીરાતબેન કે જેઓ મનજીભાઈ હરખાભાઈની પુત્રી હોઈ તેની પુત્રી તરીકે પ્રતિવાદી નં.૧ થી ૩ ની માતા તખીબેનને દર્શાવીને તે બાબતેનુ ખોટુ પેઢીનામુ કરી પોતાના નામ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૮૨૦૮ થી દાખલ કરાવેલ, પરંતુ પ્રતિવાદી નં.૧ ની પોતાની ઉલટતપાસમાં મુદ્દા નં.૨ ની ચર્ચા ધ્યાને લેતા તખીબેન અને મીરાતબેન વચ્ચે નણંદ ભોજાઈ વચ્ચેનો સંબંધ હોઈ અને પેઢીનામામાં તખીબેનને મીરાતબેનની પુત્રી તરીકે દર્શાવેલ હોઈ અને તખીબેનના વારસદાર તરીકે પોતાના નામે દર્શાવી રેવન્યુ રેકર્ડમાં પોતાના નામ દાખલ કરાવેલ. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ થી ૩ કે જેઓ મનજીભાઈ હરખાભાઈના વારસદાર ન હોઈ અને ભલાભાઈ હરખાભાઈના વારસદાર હોઈ અને ભલાભાઈ હરખાભાઈ અને મનજીભાઈ હરખાભાઈ બે ભાઈઓ હોઈ અને પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે એવો કોઈ બચાવ રહેલ નથી કે આ મિલકતમાં ભલાભાઈ હરખાભાઈનો ભાગ હતો કે આ મિલકત મનજીભાઈ હરખાભાઈ અને ભલાભાઈ હરખાભાઈની સંયુકત માલીકીની હતી, કારણ કે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ દાવાનો જે આંક–૨૯ થી લેખિત જવાબ આપેલ છે તેમાં પેરા નં.૪ માં દાવાવાળી મિલકતના મુળ માલીક મનજીભાઈ હરખાભાઈ હોવાનુ સ્વીકારેલ છે અને તેઓનુ નામ નોંધ નં.૯૨૩ થી દાખલ થયેલ અને આ નોંધને પ્રતિવાદી નં.૧ થી ૩ ના પિતા કે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ કયારેય પડકારેલ નથી. તેવા સંજોગોમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નો દાવાવાળી મિલકતમાં હકક હિસ્સો હોવાની હકીકત પ્રતિવાદી નં.૧ થી ૩ પુરવાર કરી શકેલ નથી.

પ્રતિવાદી નં. ૪/૧ બાબતે વિચારણા કરવામાં આવે તો તેઓ રાયચંદભાઈ મનજીભાઈના વારસદાર તરીકે હાલના દાવાના કામે પક્ષકાર રહેલ છે અને

તેઓની વાદી તરફે જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં પણ તેઓએ પોતાના પિતાનુ નામ રાયચંદભાઈ મનજીભાઈ દર્શાવેલ છે. આ ઉપરાંત પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગંગારામ છગનભાઈ અને તેઓ સગાભાઈ નથી. આ સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો એ હકીકત સ્વીકૃત છે કે, પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ના વડીલ રાયચંદભાઈ કે જેઓ મનજીભાઈના પુત્ર રહેલ અને આ હકીકત વાદી નં.૧ ની ઉલટતપાસમાં જાહેર થયેલ છે, આ સ્થિતિ ધ્યાને લેતાં જયારે પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ કે જેઓ મનજીભાઈ હરખાભાઈ પુત્ર રાયચંદભાઈ મનજીભાઈના વારસદાર હોઈ અને દાવાવાળી મિલકત જયારે મનજીભાઈ હરખાભાઈની માલીકીની હોય ત્યારે તેમાં પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ સહમાલીક અને સહહિસ્સેદાર હોવાની હકીકત પુરવાર થાય છે, જેથી ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા **મુદ્દા નં.૪ નો નિર્ણય અંશત: હકારમાં આપવામાં આવે છે.**

**(૧૩) <u>મુદ્દા નં.૫</u> :–**

**(૫) શુ વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે.**

વાદીએ પોતાના દાવાના પેરા નં.૮(૧) માં આ કામના વાદીઓ મનજીભાઈ હરખાભાઈના વારસદાર હોવાનું અને તેઓનો દાવાવાળી મિલકતમાં વારસાઈ હકક હોવાનું ઠરાવી આપવાની દાદ માંગેલ છે. હાથ ઉપરના કેસમાં વાદી મુદ્દા નં.૧ થી ૩ પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ તથા પ્રતિવાદી નં.૧ થી ૩ મુદ્દા નં.૪ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોઈ તેવા સંજોગોમાં વાદી સદર દાદ મેળવવા હકકદાર બનતા હોવાનું આ અદાલતનુ માનવું છે.

વાદીએ પોતાના દાવાના પેરા નં.૮(૨) માં વાદી નં.૧, વાદી નં. ૨/૧ થી ૨/૪, વાદી નં.૩/૧ થી ૩/૫ તથા વાદી નં.૪/૧ થી ૪/૬ વાઘરી મીરાતબેન મનજીભાઈના વારસદાર હોવાનુ ઠરાવી આપવાની દાદ માંગેલ છે. હાથ ઉપરના કેસમાં પ્રતિવાદી નં.૧ નાએ પોતાની ઉલટતપાસમાં મીરાતબેનને ત્રણ દિકરા ડાહ્યાભાઈ,

કેશાભાઈ અને જીવાભાઈ હોવાનુ સ્વીકારેલ છે અને મીરાતબેનને એક દીકરી રૈયાબેન હોવાનુ સ્વીકારેલ છે. આ સ્થિતિ ધ્યાને લેતા વાદી નં.૧ કે જે મીરાતબેનની દીકરી હોવાનુ તથા વાદી નં.૨ વીરજીભાઈ ડાહ્યાભાઈ, વાદી નં.૩ કેશાભાઈ ડાહ્યાભાઈ અને વાદી નં.૪ જીવાભાઈ ડાહ્યાભાઈનાઓ હોવાનુ જણાય છે અને પ્રતિવાદી નં.૧ ના સ્વીકાર મુજબ આ તમામ મીરાતબેનના વારસદારો હોઈ વાદી સદર દાદ મેળવવા હકકદાર બને છે.

વાદીએ પોતાના દાવાના પેરા નં.૮(૩) માં આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ મીરાતબેન મનજીભાઈના વારસદારો ન હોવાનુ તેમજ તેઓનો દાવાવાળી મિલકતમાં કોઈ લાગભાગ ન હોવાનુ ઠરાવી આપવાની દાદ માંગેલ છે. સ્વીકૃતપણે વાદી મુદ્દાનં. ૨ અને ૩ પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ અને પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ મુદ્દા નં.૪ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોઈ, વાદી સદર દાદ મેળવવા હકકદાર બને છે.

વાદીએ પોતાના દાવાના પેરા નં.૮(૪) માં આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ દાવાવાળા ખેતરમાં પ્રવેશ કરે કરાવે નહી તથા કોઈપણ પ્રકારનો બોજો બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવા કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ છે. સ્વીકૃતપણે દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નો કોઈ હકક હિસ્સો ન હોઈ અને તેઓ મનજીભાઈ હરખાભાઈના વારસદાર ન હોઈ વાદી સદર દાદ મેળવવા હકકદાર બને છે.

વાદીએ પોતાના દાવાના પેરા નં.૮(૫) માં દાવાનો ખર્ચ આ કામના પ્રતિવાદીઓ પાસેથી અપાવવાની દાદ માંગેલ છે. હાથ ઉપરના કેસમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ મીરાતબેનના વારસદાર ન હોવા છતાં અને મીરાતબેન અને તખુબેન વચ્ચે નણંદ ભોજાઈનો સંબંધ હોવાનુ પ્રતિવાદી નં.૧ પોતાની ઉલટતપાસમાં સ્વીકારતા હોવા છતાં પોતાની માતા તખુબેનને મીરાતબેનની પુત્રી તરીકે દર્શાવી પેઢીનામુ કરી પોતાના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ હોઈ અને તેથી વાદીએ હાલનો દાવો દાખલ

કરવો પડેલ હોઈ વાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ ચુકવવાપાત્ર બને છે, આમ, વાદી સદર દાદ મેળવવા હકકદાર બને છે.

ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેતાં વાદી મુદ્દા નં.પ પુરવાર કરવામાં સફળ થતા હોઈ, **મુદ્દાનં.પ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.**

ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેતાં આ કામના વાદી મુદ્દા નં.૧ થી ૩ તથા પ પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ, **મુદ્દા નં.૧ થી ૩ તથા પ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે** અને પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ મુદ્દા નં.૪ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોઈ તથા પ્રતિવાદીનં.૪/૧ થી ૪/૪ નાઓ મુદ્દા નં.૪ પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ, **મુદ્દા નં.૪ નો નિર્ણય અંશતઃ હકારમાં આપવામાં આવે છે** અને મુદ્દા નં.૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

- વાદીઓનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.
- આ કામના વાદીઓ તથા પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ વાઘરી મનજીભાઈ હરખાભાઈના વારસદારો હોવાનુ ઠરાવવામાં આવે છે.
- આ કામના વાદી નં.૧ તથા ૨/૧ થી ૨/૪, ૩/૧ થી ૩/૫, ૪/૧ થી ૪/૬ મીરાતબેન મનજીભાઈના વારસદાર હોવાનુ જાહેર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓને દાવાવાળી મિલકતમાં કોઈ લાગભાગ, હકક–હિસ્સો ન હોવાનુ જાહેર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ દાવાવાળા ખેતરમાં પ્રવેશ કરવો, કરાવવો નહી કે દાવાવાળી મિલકત બાબતે કોઈ બોજો ઉત્પન્ન કરવો, કરાવવો નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવે છે.

- ➢ વાદીઓને થયેલ દાવાનો ખર્ચ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ ચુકવવો તથા પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને તે જ મુજબ પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નાઓએ પોતોનો ખર્ચ પોતે ભોગવવો.
- ➢ આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તા. **૬ ઠ્ઠી,** માહે **એપ્રિલ,** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૬/૦૪/૨૦૨૩
સમી.

**( ડી. એલ. ઠાકોર )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
સમી.
UIC No.GJ 00893